# ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.

રજી. ઓફિસઃ નાગરિક પુરવઠા નિગમનું સંકુલ,
"ચ" રોડ, સેકટર-૧૦/એ, ગાધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબરઃ ૦૭૯-૨૩૨૫૬૮૦૧ થી ૮૦૬,
ફેકસ નંબરઃ ૦૭૯-૨૩૨૫૬૨૨૦

જાહેરાત ક્રમાંક : **GPHC/201819/1 & 2**

---

ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ. માટે કરાર આધારિત સિવિલ / ઇલેકટ્રીકલ ઇજનેરની ભરતી માટે અગત્યની વિગતવારની સુચનાઓ :-

(૧) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. માટે કરાર આધારિત સિવિલ / ઇલેકટ્રીકલ ઇજનેરની ભરતી માટે ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ જગ્યા માટે લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૨/૦૭/૨૦૧૮ (બપોરના કલાક ૧૨.૦૦) થી તા.૦૯/૦૭/૨૦૧૮ (રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઇન્ટરનેટ પર https://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જઇ "ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. જાહેરાત" ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઇપણ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૨) ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સીગ્નેચરની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(3) આ ભરતી માટે સિવિલ ઇજનેર ની ૯૪ અને ઇલેકટ્રીકલ ઇજનેરની ૦૮ મળી કુલ-૧૦૨ જગ્યાઓ ભરવામાં આવનાર છે. (ખાસ નોંધ : ભરવામાં આવનાર જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હક્ક નિગમનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.) આ જગ્યાઓ ગુજરાતમાં નિગમની કચેરીઓ અંતર્ગત જેવી કે, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત વિગેરે માટેની રહેશે.

(૪) જગ્યાઓ માટે તમામ જરૂરી પ્રમાણપત્રો તા.૦૯/૦૭/૨૦૧૮ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.

(૫) **વયમર્યાદાઃ** ઉમેદવારની ઉંમર તા.૦૯/૦૭/૨૦૧૮ નારોજ ૪૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

(૬) **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિવર્સિટીમાંથી Bachelor of Engineering in Civil / Bachelor of Engineering in Electrical.
(ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલ હોવા જોઇએ)

(૭) **અનુભવઃ** સ્નાતકની પદવી મેળવ્યા પછીનો સંબંધિત કામનો ઓછામાં ઓછો ૧ વર્ષ અને તેથી વધુ અનુભવ હોય તેવા ઉમેદવાર જ અરજી કરી શકે છે.

(૮) **પરીક્ષા** : પરીક્ષા ૧૦૦ પ્રશ્નના હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રશ્નપત્રમાં લેવાશે. જેમાં દરેક પ્રશ્નના એક ગુણ લેખે કુલ ગુણ ૧૦૦ રહેશે. જે પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે. આ પશ્નપત્રમાં ૬૫ પ્રશ્નો

સિવિલ ઇજનેરો માટે :

1. Public Health Engineering (Sewage, water treatment etc.)
2. Construction Technology.
3. Surveying
4. Soil mechanics
5. Geology
6. Foundation Engneering
7. Building Materials
8. Structure Design and Analysis
9. Bridges Railway Canal Irrigation
10. Estimating & Costing

ઇલેકટ્રીકલ ઇજનેરો માટે :

1. Elements of electrical engineering & electrical material science
2. Estimating & costing of electrical installation
3. Basic electronics, Circuits & network
4. D.C. Machines, A.C. Machines & transformer
5. Power Generation, Transmission & Destribution.
6. High Voltage Engineering, Swicth gear & Pretection device.
7. Energy conservation & audit, Power quality & Management.
8. Electrical measurements, Utilisation of electrical energy & traction.

ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવામાં આવશે અને ૩૫ પ્રશ્નો ફિલ્ડને લગતા આવરી લેવામાં આવશે. આ લેખિત પરીક્ષા MCQ (Multiple Choice Question) અને OMR Optical Mark Reader) પદ્ધતિમાં લેવામાં આવશે. દરેક સાચા જવાબ માટે એક ગુણ મળશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના

જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણવામાં આવશે. પરિક્ષાનું માધ્યમ ફકત અંગ્રેજી રહેશે.

(૯) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેમની ઉમેદવારી પણ રદ્દ કરવામાં આવશે.

(૧૦) જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ / ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૧૧) એક ઉમેદવાર એક અરજી (No Multiple Application)

એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં.

(૧૨) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં નિગમ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર SMS થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહીં.

(૧૩) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.

(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.

(d) અરજી ફેકસથી, ઇમેઇલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(e) ઉમેદવારે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

## (૧૪) શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી :

લેખિત પરિક્ષા પૂર્ણ થયા બાદ લેખિત પરિક્ષાના પરિણામના આધારે નિયમોનુસાર જરૂરી ઉમેદવારોને શૈક્ષણિક તથા અનુભવના પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેમાં તમામ પ્રમાણપત્રો અસલમાં સાથે રાખીને હાજર રહેવાનુ રહેશે.

## (૧૫) પસંદગી યાદી :

શૈક્ષણિક પ્રમાણપત્રોની ચકાસણી બાદ દર્શાવેલ જગ્યાઓની જરૂરીયાત મુજબ નિયમોનુસાર પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. અને જરૂરીયાત મુજબ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## (૧૬) કરાર વેતન :

કરાર આધારિત નિમણૂંક આપી કરાર વેતન રૂા. ૨૦,૦૦૦/- થી રૂા. ૪૦,૦૦૦/- સુધી આપવામાં આવશે. જે પસંદગી પામેલ ઉમેદવારની યોગ્યતા અને અનુભવના આધારે નકકી કરવામાં આવશે.

## (૧૭) અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ :

(૧૭.૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે. જ્યાં ઇન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રીન્ટર સાથે) ઉપલબ્ધ હોય તેવા કોઇપણ સ્થળે સાયબર કાફે અથવા ઇ-ગ્રામ પંચાયતમાં અથવા પોતાના રહેઠાણ/ઓફીસ માંથી ઉમેદવારો ઓનલાઇન અરજી કરી શકશે.

(૧૭.૨) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત જગ્યા માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.

(૧૭.૩) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(૧૭.૪) ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(૧૭.૫) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા નંબર (૧૮.૨) માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી ફકત પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં ભરી શકાશે.

## (૧૮) પરીક્ષા ફી :

(૧૮.૧) તમામ ઉમેદવારોએ રૂા.૧૫૦/- લેખે ફી ભરવાની રહેશે. ફી ઉપરાંત લાગુ પડતા પોસ્ટ ઓફીસના ટેક્ષના ચાર્જીસ અલગથી ભરવાના રહેશે.

(૧૮.૨) ઉમેદવારો જ્યારે વેબ સાઇટ ઉપર પોતાની અરજી કન્ફોર્મ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે Print Postoffice Challan ભરવા માટેનો વિકલ્પ પસંદ કરી પોસ્ટ ઓફીસમાં ફી ભરવા માટેના ચલણના નકલની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે અને ઉમેદવારોએ ચલણ સાથે રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને પરીક્ષા ફી રૂ.૧૫૦/- તથા પોસ્ટ ઓફીસ ચાર્જીસના નાણાં રૂા.૧૨/- ભરવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલમાં સિક્કા કરી ઉમેદવારને પરત આપશે.

(૧૮.૩) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

(૧૮.૪) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૧૦/૦૭/૨૦૧૮ (કચેરી સમય સુધી) છે.

(૧૮.૫) ફી ભર્યા બાદ રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી. તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૧૮.૬) પોસ્ટ ઓફીસ ખાતે પરીક્ષા ફી ભર્યા બાદ ૨૪ કલાકની અંદર જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી ભરેલ છે તે જ

પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે અને તેઓ મારફતે આગળની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

## (૧૯) કરાર આધારીત માટેની જરૂરી સુચનાઓઃ

(૧૯.૧) નિગમના પ્રોજેકટની કામગીરી પૂર્ણ થતા તમારો કરાર આપોઆપ પૂર્ણ થયેલ ગણાશે.

(૧૯.૨) કરારના સમયગાળા દરમ્યાન પ્રતિ માસ રૂા.૨૦,૦૦૦/- થી રૂા. ૪૦,૦૦૦/- (યોગ્યતા અને અનુભવ આધારે નકકી કરવામાં આવશે.) એકત્રીત (ફીકસ) પગાર પેટે મળવાપાત્ર થશે. આ પગાર ઉપરાંત અન્ય કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહીં. આવકવેરો તથા પ્રોફેશનલ ટેક્ષ, વગેરેની ગણતરી તેમજ કપાત આ અંગેના વખતોવખતના નિયમો તથા લાગુ પડતા કાયદાને આધિન રહેશે.

(૧૯.૩) નિમણૂંક નિશ્ચિત સમયગાળાના કરાર હેઠળ હોઇ ઓફીસ કામકાજ અર્થે મુસાફરી કરવાની થાય તો બસ / રેલ્વેના થયેલ ખરેખર ભાડાની રકમ નિગમ ધ્વારા તમોને પરત મળવાપાત્ર રહેશે.

(૧૯.૪) રવિવાર તથા જાહેર રજાના લાભ ઉપરાંત કરારના સમયગાળા દરમ્યાન પ્રતિ માસ એક (૦૧) દિવસની પ્રાંસગીક રજા નિયંત્રણ અધિકારીની પૂર્વ મંજુરીથી મળવાપાત્ર થશે, તે સિવાયની ફરજ ઉપરની ગેરહાજરીનું વેતન મળવાપાત્ર થશે નહીં. નિગમની કામગીરી તથા તેની પ્રગતિને બાધારૂપ તમારી આ સિવાયની ફરજ પરની ગેરહાજરી કે લાંબી રજાના કિસ્સામાં કરારના નિર્દિષ્ઠ કરવામાં આવેલ સમયગાળા પહેલા અંત લાવવાનો હકક નિગમ અબાધિત રાખે છે. તે અંગે નિગમ ધ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી અને તમોને બંધનકર્તા રહેશે.

(૧૯.૫) નિગમના કાયમી કર્મચારીઓને મળવાપાત્ર અન્ય કોઇપણ સેવા વિષયક લાભો આ કરાર હેઠળ મળવાપાત્ર નથી તેમજ આ નિર્દિષ્ઠ સમયગાળા માટે કરાર આધારીત નિમણૂંકના આધારે નિગમની ચાલુ તથા ભવિષ્યની કાયમી સદર જગ્યા પર નિમણૂંક અંગેનો તમારો હકક કે દાવો રહેશે નહીં.

(૧૯.૬) કરાર હેઠળ નિમણૂંક નિર્દિષ્ઠ સમયગાળા પુરતી જ છે. જો તે સમયગાળા દરમ્યાન નિગમને કામગીરી સંતોષજનક ન જણાય અથવા તમારી કામગીરીની જરૂરીયાત નિગમને ન જણાય તો નિગમ આ બંને પ્રસંગોએ ૧૫ દિવસની નોટીસ અથવા નોટીસ પગાર આપી કરારનો અંત લાવી શકશે. આ જ પ્રમાણે સદર કરાર આધારીત કામગીરી ચાલુ રાખવાની ઇચ્છા ન હોય તો તમો ૧૫ દિવસની નોટીસ અથવા ૧૫ દિવસનો પગાર આપી સદર કરારનો અંત લાવી છુટા થઇ શકશો.

(૧૯.૭) કરારના સમયગાળા દરમ્યાન સોંપવામાં આવેલ કામગીરી / પ્રોજેકટની પ્રગતિને અસર ન પહોંચે તે હેતુથી, તમો ધ્વારા કરારના સમયગાળા દરમ્યાન તમારી ફરજ પરથી સતત ગેરહાજરી કે કરાર અધુરો છોડી જવાના કિસ્સામાં નિગમ ધ્વારા જામીનગીરીના ભાગરૂપે દિન-૧૫નું કરાર વેતન કરારના પ્રથમ માસમાંથી કાપી જમા રાખવામાં આવશે.

સદર અનામતની જમા રાખેલ દિન-૧૫ની કરાર વેતનની રકમ કરાર ભંગના કિસ્સામાં કે ફરજ પર સતત ગેરહાજરીના કિસ્સામાં નિગમ ધ્વારા જપ્ત કરવામાં આવશે અને જો તમો ધ્વારા સદર કરારનો સમયગાળો સંતોષજનક રીતે પૂર્ણ થયે સદર અનામતની રકમ તમોને અલગથી છુટી કરી ચુકવવાપાત્ર થશે.

(૧૯.૮) કરારના સમયગાળા દરમ્યાન નિગમ ધ્વારા ઓફિસ કામગીરી માટે તમોને ફાળવેલ કામગીરી / સાધનસામગ્રી તથા નિગમની મિલકતને તમો ધ્વારા જો કોઇ નુકસાન થશે તો તે અંગે નિગમને થયેલ આર્થિક નુકશાન તથા અન્ય હાનિને ભરપાઇ કરવાની જવાબદારી તમારી રહેશે.

(૧૯.૯) તમોને સોંપવામાં આવેલ પ્રોજેકટની કામગીરી ઉપરાંત જો તાંત્રીક રીતે અન્ય પ્રોજેકટ માટે જરૂરીયાત જણાશે તો તમારી ફરજનું સ્થળ રાજયની નિગમની કોઇપણ કચેરી અંતર્ગત બદલી શકાશે.

(૧૯.૧૦) કરારના સમયગાળા દરમ્યાન તમો અન્ય કોઇ નોકરી કે ધંધો કરી શકશો નહીં. કરારના સમયગાળા દરમ્યાન તમો ધ્વારા કોઇપણ પ્રકારની ગેરવર્તણુંક / ગેર શિસ્ત આચરવામાં આવે, તમો સામે કોઇપણ પ્રકારની કાનુની ફરીયાદ કે ભંગને લગત કાર્યવાહી થવાના સંજોગોમાં જો આવી કોઇ બાબત નિગમના ધ્યાન પર આવશે, તો કરાર તાકીદની અસરથી રદ થવાને પાત્ર ગણાશે તથા તે સંજોગોમાં ઉપર નિર્દિષ્ટ નોટીસનો સમયગાળો નિગમને બંધનકર્તા રહેશે નહીં તેમજ મુદદા નં. ૧૯.૭ માં જણાવેલ કરાર વેતનની અનામત રાખેલ રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૯.૧૧) કરારના સમયગાળા દરમ્યાન તમો પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્ય પાર્ટ ટાઇમ નોકરી કરી શકશો નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. કોઇપણ રાજકીય પ્રવૃતિમાં ભાગ લઇ શકાશે નહીં.

(૧૯.૧૨) કરારના સમયગાળા દરમ્યાન કોઇપણ જાતની ઉચાપત / ગેરરીતિ / અનિયમિતતા / છેતરપિંડી બદલ ખાતા ધ્વારા જરૂરી દિવાની કે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે અને તે માટે કર્મચારી પોતે જવાબદાર રહેશે.

(૧૯.૧૩) તાંત્રિક ઇજનેરોની કામગીરીમાં કરારના સમયગાળા દરમ્યાન તેઓએ બજાવેલ / તેઓને સોંપવામાં આવેલ કામગીરીની તમામ જવાબદારી તેઓની રહેશે.

(૧૯.૧૪) આ કરારની તમામ શરતો તમોને માન્ય અને બંધનકર્તા છે તેની સંમતિરૂપે અરજી કરવામાં આવેલ છે તેમ માનવામાં આવશે.

<u>જરૂરી સૂચના :</u>

પરીક્ષાને લગતી અન્ય સૂચનાઓ પણ વખતોવખત નિગમની વેબસાઇટ www.gsphc.gujarat.gov.in પર મુકવામાં આવશે, જેની ઉમેદવારોએ સમયાંતરે નોંધ લઇ ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.

લેખિત પરીક્ષા જુલાઇ, ૨૦૧૮ માસના ત્રીજા અથવા ચોથા અઠવાડિયામાં યોજાવાની શકયતા છે.

સ્થળ : ગાંધીનગર (આશીષ ભાટિયા IPS)

તારીખઃ /૦૭/૨૦૧૮ મેનેજિંગ ડિરેકટર